2(8)

સંદેશ

તા. ૨૭-૧૧-૨૦૦૫

# સુરત મહાનગરપાલિકા
## શહેરી વિકાસ વર્ષ- ૨૦૦૫

**મોજે બમરોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ- ૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં એડમિનિસ્ટ્રેટરશ્રીનાં ઠરાવ નં. ૧૧૦૧/ ૨૦૦૫, તા. ૧૧-૧૧-૨૦૦૫થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૬માં ગુલાબી પેરા રંગની સળંગ રેખાથી બતાવેલ બમરોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ:-
સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા. ૧૧-૧૧-૨૦૦૫ના રોજ મા. એડમિનિસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો:-

*****

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૯-૧૦-૨૦૦૫નાં પત્ર નં. સી.સા.સ./૨૨થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં. ૪૩ ઉપર નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૪૧(૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં. ૫૩ ઉપર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક- એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ ઇરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

<u>એડમિનિસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં. ૧૧૦૧/૨૦૦૫ મંજુર.</u>

નં.પીઆરઓ/૪૧૬/૨૦૦૫-૦૬
તા. ૧૬-૧૧-૦૫

[illegible] તા. ૧૮/૧૧/૦૫

# સુરત મહાનગરપાલિકા

## શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫

### મોજે બમરોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવા બાબત.

## અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવી માટે એપ્રોપીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા સોંપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાના એડમિનિસ્ટ્રેટરશ્રીના ઠરાવ નં. ૧૧૦૧/૨૦૦૫, તા. ૧૧-૧૧-૨૦૦૫ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૬માં ગુલાબી રંગની સળંગ રેખાથી બતાવેલ બમરોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

**ઠરાવ :-**

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા. ૧૧-૧૧-૨૦૦૫ના રોજ મા. એડમિનિસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો.

*****

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૨૯/૧૦/૨૦૦૫નાં પત્ર નં. સી.સા.શ./૭૨થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં. ૪૩ ઉપર નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં. ૫૩ ઉપર સામેલ અધિસૂચન મંજૂર કરવાનું તથા આદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું મંજૂર કરવામાં આવે છે.

<u>એડમિનિસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં. ૧૧૦૧/૨૦૦૫ મંજૂર</u>

નં. પીઆરઓ/૪૧૬/૨૦૦૫-૦૬
તા. ૧૬/૧૧/૦૫